બારડોલી : ૨૨૦૪૮૪ કામરેજ : ૯૮૯૮૨ ૧૫૪૦૦- ૯૮૨૫૧ ૦૯૮૯૬ સોનગઢ : ૯૪૨૮૦ ૫૮૬૧૧(ફેક્સ ૨૨૩૫૦૪) કડોદરા : ૯૮૨૫૫ ૪૨૨૧૧ ૯૮૨૪૧ ૪૩૦૨૩ અંકલેશ્વર : ૯૮૨૫૪ ૨૯૦૦૧ વ્યારા: ૯૯૭૪૪ ૫૫૫૩૧ સાયણ : ૨૪૨૩૪૩ કીમ: ૯૮૨૫૫૦૪૪૧૧ ઓલપાડ : ૯૮૯૮૪ ૦૬૬૯૮ ભરૂચ : ૯૪૨૬૮ ૭૮૧૭૮, ૯૩૨૮૮ ૬૦૭૫૪, ૯૮૨૪૧ ૨૦૪૦૦ મહુવા : ૯૪૨૭૧૨૫૬૨૫

# બામણામાળ ગામે વીજથાંભલા પર કામ કરતા મજૂર જીણીયા ગામિતનું કરંટથી મોત

## વ્યારા હોસ્પિટલમાં ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યા

## સુપરવાઈઝરે લાઈનબંધ હોવાનું જણાવ્યું હતું તો ચાલુ કેવી રીતે થઈ!

વ્યારા: વધારાના બામણામાળ ગામે વીજ કંપનીની ઈલેકટ્રીક લાઈન પર કામ કરતા કોન્ટ્રાકટરના મજૂરને જોઈન્ટ થતી જયોતિર્ગ્રામ યોજનાની લાઈનને તથા લાગતા કરંટથી વીજલાઈન કેવી રીતે ચાલુ રહીએ તપાસનો વિષય બન્યો છે.

વ્યારાની દક્ષિણ ગુજરાત વીજ કંપનીના ડિવિઝનમાં આવતા બામણામાળ ગામે ખેતીવાડીની નવી વીજ લાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે. આ લાઈનનું કામ કરતી એજન્સીના કોન્ટ્રાકટરનાં પાંચ મજૂરો બામણામાળ ગામના પાટિયા પાસે રોજીની બાજુમાં આ નવી લાઈન પર કામ કરીહ્યા હતા તે દરમ્યાન લાઈનમેન તરીકે મજૂરી કામ કરતો જીણીયાભાઈ ભીલ્કાબાઈ ગામીત (ઉ.વ.૪૫) (રહે. સાદડવાડા- દેવળ ફળીયું, તા.વ્યારા)ને વીજ કંપનીના લાઈન સુપરવાઈઝર સુભાષ પાટીલે જોઈન્ટ થતી જયોતિગ્રામ યોજનાની લાઈન બંધ છે.

જયોતિગ્રામ યોજનાની લાઈનને ટેકો મારી ઊંચી કરવા ઝીણીયાભાઈ થાંભલા પર અડી જતા વીજ પ્રવાહ ચાલુ હોવાથી હાથમાં ઝટકો લાગતા નીચે પડી ગયા હતા.

માથે અને ગળામાં ઈજા થતા વ્યારા હોસ્પીટલમાં લઈ જવાતા ફરજ પરનાં ડોકટરે તેઓને મૃત જાહેર કર્યા હતા.

જીણીયાભાઈ સાથે લાઈન પર કામ કરતા દાનિયલ કુંવરજી ગામીત (રહે. સાદડવાણ તા.વ્યારા)એ પોલીસને ખબર આપી હતી જેમાં જણાવ્યું હતું કે થાંભલા પર ચઢી જીણીયાભાઈ કામ કરતો હતો ત્યારે શોર્ટશર્કિટ થતા નીચે પટકાયો હતો અને તેનું મોત નીપજયું હતું. અકસ્માત થયો ત્યારે વીજ કંપનીના સુપરવાઈઝરે લાઈનબંધ કરી હોવાનું જણાવ્યું હતું તો લાઈન કેવી રીતે ચાલુ થઈ ગઈ એ તપાસનો વિષય છે.

વિજ કપનીની બેદરકારીથી એક મજૂરનું મોત થયું હોય. વ્યારા વીજ કપનીના કાર્યપાલક એન્જીનિયર એસ. એન. ચૌધરીએ સબ ડીવીઝન કચેરી ટેકનીકલ તપાસ કરી રીપોર્ટ આપશે ત્યારે સાચી હકીકીત બહાર આવશે એમ જણાવ્યું છે.


શનિવારે વધુ એક ઘાયલ મોર મળતા વન વિભાગ અધિકારીઓ આવી પહોંચતા ગ્રામજનો એકઠા થયા હતા. (તસવીર : તુષાર નાયક, સરભોણ)

# રાણતથી ઇજા પામેલો વધુ એક મોર મળતાં અધિકારીઓ દોડતા થઇ ગયા

(ગુજરાતમિત્રના પ્રતિનિધિ તરફથી)

બારડોલી, તા. ૪ : મહુવા તાલુકાના રાણત ગામેથી શુક્રવારે મોરના અવશેષો તથા બે મોર ઘાયલ અવસ્થામાં મળ્યા બાદ આજે શનિવારે ઇજા પામેલા વધુ એક મોર મળી આવ્યો હતો. ગત રોજ બનેલી ઘટનાને પગલે વન વિભાગના અધિકારીઓ દોડતા થયા હતા.

પ્રાપ્ત થતી વિગત અનુસાર મહુવા તાલુકાના રાણત ગામે રાષ્ટ્રીય પક્ષી મોરના અવશેષો મળી આવતા તપાસ અર્થે ગયેલી વન વિભાગની ટીમને અન્ય ખેતરોમાંથી પણ મોરનાં પીંછા તથા અવશેષો મળી આવ્યા હતા. જયારે ઘટના સ્થળેથી થોડે અંતરેથી જ વધુ એક મોર ઇજાગ્રસ્ત હાલતમાં મળી આવતા ચકચાર મચી છે. મોરને જમણી આંખ તથા પાંખના ભાગે ઇજાના નિશાન છે. બારડોલીની ફ્રેન્ડસ ઓફ એનીમલ વેલ્ફેર કલબના પ્રમુખ જતીન રાઠોડ સહિતની ટીમ પણ વન વિભાગ સાથે ઘટના સ્થળે પહોંચી ઘાયલ મોરની સારવાર શરૂ કરી હતી. ગામની સીમમાં થઇ રહેલા રાષ્ટ્રીય પક્ષી મોરના શિકારને લીધે ગ્રામજનોમાં પણ રોષ પ્રવર્તી રહ્યો છે.

ગ્રામજનો વન વિભાગ પર ફિટકાર વરસાવી રહ્યા છે અને ગામના ખેડૂતોએ જ શિકારીઓને ઝબ્બે કરવા તૈયાર થયા હોવાનું જાણવા મળે છે. ત્યારે વન વિભાગ માત્ર પંચક્યાસ કરીને સંતોષ માની રહ્યું હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

## મોરના શિકારથી ગ્રામજનોમાં ફેલાયેલો રોષ ખેડૂતો શિકારીઓને ઝબ્બે કરવાં તૈયાર

# બારડોલીમાં આવતી કાલે યોજાનારા સદભાવના મિશન કાર્યક્રમને અપાયેલો આખરી ઓપ

## વધુ બસની વ્યવસ્થા : યુવા મોરચા દ્વારા મોટર સાઈકલ રેલી

બારડોલી, તા. ૪ : ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તા. ૬ ફેબ્રુઆરી, સોમવારે શ્રી રંગ મંદિરે બારડોલીમાં સવારે નવ વાગ્યે 'સદભાવના મિશન' ઉપવાસ અંતર્ગત કાર્યક્રમને આખરી ઓપ આપવા અગત્યની મિટીંગ પરિશ્રમ પાર્ક સુરત જિલ્લા ભાજપ કાર્યાલયમાં જિલ્લા પ્રમુખ સુરેશ પટેલના અધ્યક્ષસ્થાને કેબીનેટ મંત્રી, જિલ્લા પ્રભારી મંત્રી મંગુ પટેલ, ગુ. પ્ર. ઉપાધ્યક્ષ શ્રી અજય ચોકસી ધારાસભ્ય શ્રીમતી ભારતી રાઠોડ, સુ. જિ. પંચાયત પ્રમુખ અશ્વિન પટેલ, હળપતિ આવાસ નિગમ ચેરમેન ભરત રાઠોડની ઉપસ્થિતિમાં મળી હતી.

સુ. જી. મહામંત્રી સંદીપ દેસાઇએ તાલુકા પ્રમાણે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર સહકારી સંસ્થા, ચૂંટાયેલા સદસ્યો, સંગઠન પદાધિકારીઓ, આદિજાતિ, અ.જ.જા. લઘુમતી, મહિલા પાંખ, યુવા પાંખ માલધારી સમાજ સહિતની સંખ્યાની નોંધ લીધી હતી.

સુ. જી. પ્રમુખ સુરેશ પટેલે જણાવ્યું હતું કે જિલ્લામાંથી પદાધિકારીઓએ આપેલ સંખ્યા તેમજ સહકારી સેવાભાવી, વેપારીઓ, સામાજિક આગેવાનો સ્કૂલ, કોલેજના વિદ્યાર્થીઓ 'સદભાવના મિશન'માં એક લાખની ઉપર મુલાકાતીઓ તથા ઉપવાસીઓ મળી જનમેદની કાર્યક્રમમાં જોડાશે. જિલ્લાના તમામ તાલુકા સ્તરે લાવવા લઇ જવાની વ્યવસ્થા પણ અંકિત કરેલ સ્થળોને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. તેમજ કાર્યકરો, પદાધિકારીઓને શિસ્ત સાથે મુલાકાતીઓને તકલીફ નહીં પડે તેની તકેદારી માટે પણ જણાવ્યું હતું.

ઉપાધ્યક્ષ અજય ચોકસીએ જણાવ્યું હતું કે કાર્યકરો તેમજ સમગ્ર જિલ્લામાંથી જે રીતે પ્રતિસાદ મળી રહ્યો છે તે આધારે વહીવટી અધિકારીઓ સાથે પરામર્શ કરીને બસની વધુ વ્યવસ્થા કરવામાં આવશે.

સંદીપ દેસાઇએ મોટર સાઇકલ રેલી બાબતમાં ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે આખા જિલ્લામાંથી યુવા મોરચા દ્વારા નીકળનાર મોટર સાઇકલ રેલી પોતાના જે તે સ્થળેથી નીકળવાનો સમય મુકરર કરીને કાર્યક્રમના સ્થળે બારડોલી સત્યસાંઇ સેવા મંદિરે બપોરે ૧૨ કલાકે અચુક પહોંચવાનું રહેશે. જયાંથી શિસ્તબધ્ધ રેલી આકારે પગપાળા ચાલીને કાર્યક્રમના સ્થળે બપોરે ૧.૩૦ કલાકે પહોંચવું પડશે. યુવા મોરચાના પદાધિકારીઓને ફરીથી સંકલન કરવા જણાવ્યું હતું. પ્રભારી મંત્રી મંગુભાઇ પટેલે જીલ્લાના ઉપસ્થિત પદાધિકારીઓને સૂચના આપતા જણાવ્યું કે કાર્યક્રમ દરમિયાન શિસ્ત સાથે મુલાકાતીઓ - ઉપવાસીઓને તકલીફ ન પડે તે રીતે સભા સ્થળ ઉપર લઇ જવાની જવાબદારી કાર્યકરોએ અદા કરવી પડશે.

સુ. જી. પંચાયત પ્રમુખ અશ્વિન પટેલે પૂરાંયે જીલ્લાના તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોને ફરજીયાત સવારે ૯ કલાકે હાજર રહેવા જણાવ્યું હતું.

સંચાલન મહામંત્રી દિલીપસિંહ રાઠોડે જયારે આભારવિધિ મહામંત્રી પ્રવીણભાઇ રાઠોડે કરી હતી.

## હરસણી ગામે સ્નેહમિલન ઈનામ વિતરણ કાર્યક્રમ

મોસાલીઃ માંગરોળ તાલુકાનાં નાનીનરોલી ગામે આવેલ જી.આઇ. પી.સી.એલ. કંપની રચિત દીપ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૮ ફેબ્રુઆરીનાં બુધવારે, બપોરે ત્રણ વાગ્યે, માંગરોળ તાલુકાનાં હરસણી ગામે આવેલી પ્રાથમિક શાળામાં સ્વસહાય જૂથ સ્નેહમિલન અને સ્વચ્છ ઘર હરીફાઈ ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશ ગામીતનાં અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું છે.

કાર્યક્રમનું ઉદ્ઘાટન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપત વસાવા કરશે. મુખ્ય મહેમાનપદે એસ.એલ. બોસ, અશોક જે. જોષી, અલ્પના જૈન, અતિથિવિશેષપદે આર.વી. ભટ્ટ અને ડૉ. જે.જી. ચૌહાણ હાજર રહેશે.

## પીપોદરા જી.આઇ.ડી.સી.નો વોચમેન ગુમ થયાની પોલીસમાં ફરિયાદ

હથોડા : પીપોદરા જીઆઇડીસીમાં આવેલી અમરકાન્તા ટેક્ષટાઇલ કંપનીમાં વોચમેનની નોકરી કરતો અને ત્યાં જ કંપનીના રૂમમાં રહેતો મૂળ બિહારના વતની ૫૧ વર્ષીય ઉદયકુમાર લલનપ્રસાદ શ્રીવાસ્તવ ગઇ તા. ૨૪-૧-૧૨ ના રાત્રિના ૮ વાગ્યાથી અચાનક કંપનીમાંથી કયાંક ચાલ્યો ગયો છે જેની પ્રાથમિક શોધખોળ કરવા છતાં મળી નહીં આવતા અમદાવાદ ખાતે રહેતાં તેના સંબંધીએ અંતે અત્રેની પોલાદ પોલીસ ચોકીમાં જાણ કરી ગુમ થયેલાં ૫૧ વર્ષના ઉદયકુમારને શોધી આપવા પોલીસની મદદ માંગી છે.

ગુમ થયેલા ઉદયકુમારે આસમાની કલરનું લાઇનવાળુ આખી બાંયનું શર્ટ તેમજ કાળી પેન્ટ પહેરી છે. જે કોઇને પત્તો મળે તો કોસંબા પોલીસને જાણ કરવા કોસંબા પોલીસ દ્વારા જણાવવામાં આવે છે. (૦૨૬૨૯) ફોન નં. ૨૩૧૪૪૪ વધુ તપાસ દિલીપભાઇ જમાદાર ચલાવે છે.

# સુરતની મહિલાએ તરસાડીમાં ખરીદેલા પ્લોટના ગેરકાયદે વેચાણની ફરિયાદને પોલીસે દાદ ન આપી

## અંતે કોર્ટમાં ફરિયાદ કરતાં પોલીસે ફરિયાદ દાખલ કરવી પડી

હથોડાઃ તરસાડીમાં પ્લોટ ખરીદવાનું સુરતની મહિલાને ભારે પડયું છે. રાતોરાત ગેરકાયદે વેચાણ અને મકાન બની ગયું. આથી પોલીસને ફરિયાદ કરી તો દાદ નહિ મળતાં અંતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આથી પોલીસે ફરિયાદ દાખલ કરવી પડી.

કોસંબા પોલીસની હદમાં તરસાડી ખાતે સુરતના પાંડેસરાની એક મહિલાએ ૨૦૦૫ની સાલમાં એક પ્લોટ ખરીદી કાયદેસરની કબજેદાર બની હતી. પ્લોટના માલિકે એક વખત વેચાણ કર્યા બાદ પુનઃ અન્ય મહિલાને બોગસ વેચાણ કરતાં આ બાબતે ખબર પડતાં ભોગ બનેલી મહિલાએ કોસંબા પોલીસમાં જાણ કરી દાદ માંગી હતી. પોતાના જાનને જોખમ હોઈ રક્ષા કરવા આજીજી કરી હતી.

પરંતુ કોઈક કારણસર પોલીસે મહિલાની ફરિયાદ ન લેતાં રાતોરાત પ્લોટ પર મકાન બની ગયું હતું. આથી ભોગ બનેલી મહિલાએ અંતે કોર્ટનો આશરો લેવો પડયો હતો. કોર્ટે ભોગ બનેલી મહિલાની ફરિયાદ દાખલ કરવા કોસંબા પોલીસને ફરમાન કરતાં જ ફરજનું ભાન ભૂલેલી કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરી છે.

સુરતના પાંડેસરાનાં અમરોલી રોડ ખાતેની ગંગોત્રીનગરમાં રહેતી રામપ્યારી બનારસી યાદવે સને ૨૦૦૫માં તરસાડીની હદમાં ખરચ રોડ પર સર્વે નં. ૬૯૧વાળી જમીનમાં પાડેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૨૩૭, ૨૩૮ નં.નાં પ્લોટો કાયદેસરના ધારાધોરણે વેચાણે લઈ કોસંબા સિટી સર્વે કચેરીમાં ૭૩૩૦ નં.થી એન્ટ્રી પાડી હતી. જે પ્લોટનો પુનઃ ખોટો વેચાણ કરી પ્લોટની બનેલી કબજેદાર મહિલા તેમજ સરકારી તંત્રની આંખમાં ધૂળ નાંખી એ જ પ્લોટો પુનઃ અન્ય એક મહિલાને બોગસ રીતે વેચાણ કરી દેવાતાં અને આ કૃત્યમાં સંડોવાયેલા ચારેક જણાં સામે પગલાં ભરવા તેમજ આ કૃત્યને રોકવા તેમજ પ્લોટની ખરી કબજેદાર મહિલા ઘટના સ્થળે જાત તો જાનનું જોખમ માથે તોળાય તેવી અરજી કોસંબા પોલીસમાં આપી હતી.

પરંતુ કોસંબા પોલીસ પોતાની ફરજનું ભાન ભૂલી ગઈ અને મહિલાને દાદ નહિ આપતાં લાચાર બનેલી એ મહિલાએ કોર્ટનો આશરો લેવો પડયો હતો. કોર્ટે ભોગ બનેલી મહિલાની ફરિયાદ દાખલ કરવા કોસંબા પોલીસને ફરમાન છોડતાં આખરે પોલીસને પોતાની ફરજનું ભાન આવતાં અંતે મહિલાની ફરિયાદ દાખલ કરી મહિલા સાથે અન્યાય કરી પરેશાન કરનારા ચારની સામે કોસંબા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવને પગલે તરસાડી સહિત આખા માંગરોળ તાલુકામાં ખળભળાટ મચ્યો છે અને પોલીસ સ્ટેશનના પગથીયાં ઘસવા છતાં મહિલાની ફરિયાદ નહીં સાંભળતી કોસંબા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે.

## સોનગઢ નવાગામમાંથી મોટરસાયકલની ઉઠાંતરી

વ્યારાઃ સોનગઢના નવાગામ જુના આર. ટી.ઓ. પાસે રહેતા ફરિયાદી- સાહેબરાવ મગન મરાઠે તેમણે પોતાની મોટરસાયકલ હીરોહોન્ડા પ્લસર નંબર- (જીજે-૧૯ પી-૯૫૦૯)ને પોતાના કામે આવેલ આરોપી યોગેશ તુકારામ પાટીલ (રહે. રાણીઆંબા)નાએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ મોટરસાયકલની ચાવી માગતા જણાવેલ હતું કે, મારી માને લેવા રાણીઆંબા ઘરે જવું છે, તેમ કહી મોટરસાયકલ લઈને જતો રહ્યો છે.

જે તે આજ દિન સુધી આવેલ નથી, એવી ફરિયાદ આજરોજ સોનગઢ પોલીસને આપવામાં આવી છે. જેની વધુ તપાસ પોલીસ કરી રહી છે.

# મોવાછીમાં સાત વર્ષની બાળા પર બળાત્કાર: આરોપીની શોધખોળ ચાલુ

## પોલીસે નમૂના લઈ શરૂ કરેલી તપાસ

બારડોલી, તા.૪ઃ બારડોલી તાલુકાના મોવાછી ગામે ૭ વર્ષીય બાળા પર થયેલ બળાત્કાર અંગે પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ બારડોલી પોલીસે ભાગી ગયેલા આરોપીની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ઘટના સ્થળની મુલાકાત લઈ માટી તથા લોહીના નમૂના એકત્રિત કરી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર બારડોલી તાલુકાના મોવાછી ગામે આવેલ નવા ૨૮ ગાળા કોલોનીમાં રહેતી સાત વર્ષની બાળા ઘરના આંગણામાં રમતી તે સમયે બાળાની સામેના ઘરમાંજ રહેતા યુવાને ત્યાં આવી બાળકીને બોર ખવડાવવા લઈ જાઉ એમ કહી વસાહતની પાછલનાં ભાગે મોહનભાઈ પટેલનાં શેરડીનાં ખેતરમાં મધ્ય ભાગે શેઢાની બાજુમાં આવેલ ખાડામાં લઈ ગયો હતો. બાળકી લોહીલુહાણ થઈ હતી. બાળકીને લોહીલુહાણ જોઈ ગભરાઈ ગયેલો યુવાન ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. બાળકી ઘરે પરત ન ફરતા ઘરવાળાએ શોધખોળ કરતાં બાળકી ખેતરમાંથી લોહીલુહાણ થયેલી મળી આવી હતી.

તેને તાત્કાલિક સીવીલ હોસ્પિટલમાં દાખલ કરી હતી. દરમ્યાન બારડોલી પોલીસને જાણ થતા પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈ બાળકીની માતાની ફરિયાદના આધારે શોધખોળ કરી ઘટના સ્થળેથી વિવિધના નમુના લીધા હોવાનું જાણવા મળે છે.

જોકે દુષ્કૃત્ય કરનાર આરોપી હજી સુધી પોલીસની પકડથી બહાર હોય પોલીસ તેને શોધી રહી છે.

# બારડોલીમાં મુખ્યમંત્રીના સદ્ભાવના સામે કોંગ્રેસના સત્કર્મ ઉપવાસની પણ તૈયારી

બારડોલી, તા.૪ઃ બારડોલી ખાતે આવતીકાલે યોજાનાર મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીના સદ્ભાવના મિશનની સામે કોંગ્રેસ દ્વારા સત્કર્મ ઉપવાસની તૈયારી પણ પુરજોશમાં ચાલી રહી છે. સાથે જ બંને પક્ષનાં રાજકારણમાં પણ ગરમાળો આવી ગયો છે.

મોદીનાં સદભાવના ઉપવાસ માટે ભાજપ કાર્યકર્તાઓની આરે સરકારી અધિકારીઓ પણ જોતરાય ગયા છે ત્યારે સરકારી સદભાવના સાંકળની સામે શકિત પ્રદર્શન કરવા માટે જિલ્લા કોંગ્રેસનાં નેતાઓ પણ વધુમાં વધુ જનમેદની ભેગી કરવા એડીચોટીનું જોર લગાડી રહ્યા છે.

બારડોલી ખાતે કોંગ્રેસ હાલ ગેલેક્ષી શોપિંગ સેન્ટરના પ્રમાણમાં સત્કર્મ ઉપાસકનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે મોદીની સોમ મોટા મોટાં બેનરો સામે સત્કર્મ ઉપવાસની જાહેરાતો પણ કરવામાં આવી રહી છે. તે જોતાં કોંગ્રેસ અને ભાજપમાંથી કોણ વધુ જનમેદની એકઠી કરશે તે જોવું રહ્યું.

જોકે સદભાવના સાથે સંપૂર્ણ સરકારી તંત્ર જોતરાયું છે. જયારે કોંગ્રેસે પોતાના જનમેદની ઊભા કરવાની છે.

## રાજકારણમાં ગરમાવો : વધુ જનમેદની માટે પ્રયાસો

# ચઠવાણ ગામે અંગત અદાવતમાં કુહાડીથી હુમલો કરતાં પતિ-પત્નીનો બચાવ: બેની ધરપકડ

## પતિ-પત્ની ગાડું લઈને ખેતરે જતા હતા ત્યારે હુમલો થતાં શંકર વસાવા અને અન્યોએ વચ્ચે પડી કુહાડી લઈ લીધી

વ્યારાઃ ઉચ્છલ તાલુકાના ચઠવાણ ગામે પતિ-પત્ની ખેતરે જતા હતા તે સમયે અગાઉની અદાવતમાં કુહાડીથી હુમલો થતા નજીકમાં ઊભેલા નામના વતનીએ બચાવી લીધા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ફરિયાદી સામસીંગ કમાજી વસાવા (રહે. ચઠવાણ તા. ઉચ્છલ) અને તેમની પત્ની ગાડું લઈને પોતાના ખેતરે જતા હતા

તે દરમિયાન બસસ્ટેન્ડ નજીક ઊભેલા આરોપી દિલીપ ગેમજી વસાવા અને તેમનો ભાઈ સુરેશ ગેમજી વસાવા બંને (રહે. ચઠવાણ) તેઓની વચ્ચે જૂની અદાવત રાખી ઊભેલા હતા અને સુરેશ વસાવાના હાથમાં કુહાડો હતો, તેમણે બંને પતિ-પત્નીને કહ્યું કે તમે આગલા દિવસે કુહાડીથી હુમલો કરવા જતાં નજીકમાં ઊભેલા શંકરભાઈ વસાવા તથા અન્યોએ વચ્ચે પડી કુહાડી લઈ લીધી હતી અને બંને પક્ષને છોડાવી દીધા હતા.

તે સંદર્ભે ઉચ્છલ પોલીસે બંને આરોપી દિલીપ વસાવા અને સુરેશ વસાવાની ધરપકડ કરી હતી, જે અંગે વધુ તપાસ ઉચ્છલ પો.સ.ઈ. એસ.જે. બારીયા કરી રહ્યા છે.

## કાર અડફટે હાઈ-વે પર પટકાયેલા પીપોદરા નજીક શ્રમજીવી ઉપર અન્ય વાહન ફરી વળતાં થયેલું મોત

હથોડાઃ પીપોદરા જીઆઈડીસીમાં કામ કરતો અને નવાપરા ખાતે ભાડેનાં રૂમમાં રહેતો મહારાષ્ટ્રનો વતની ગઈ રાત્રિનાં નોકરી પરથી ઘરે જવા હાઈવે ક્રોસ કરવા જતાં એક સેન્ટ્રો કારે અડફેટે લેતાં યુવાન હાઈવે પર પટકાતાં અને પાછળથી આવી રહેલ અન્ય વાહન તેના પરથી ફરી વળતાં તેનું કરૂણ મરણ થયું હતું.

પાલોદ પોલીસનાં જણાવ્યા મુજબ, મૂળ મહારાષ્ટ્રનો વતની અને હાલમાં પીપોદરા જીઆઈડીસીમાં આવેલી આઈપીએલ કંપનીમાં કામ કરતો અને નવાપરા ખાતે ઠાકોરભાઈનાં મકાનમાં ભાડેથી રહેતો ૪૫ વર્ષનો ભીમરાવ સાહેબરાવ ભોસલે ગઈ રાત્રિનાં નવેક વાગ્યાનાં સુમારે નોકરીએથી ઘરે જવા હાઈવે ક્રોસ કરી રહ્યો હતો, ત્યારે આ બનાવ બન્યો હતો.

પાલોદ પોલીસ જમાદાર અરૂણભાઈ સોનીએ લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી છે, અકસ્માત બાદ વાહન લઈ ચાલક ફરાર થઈ ગયો હતો.

## ભીમરાવ ભોસલે નોકરીએથી ઘેર જતો હતો

## માંગરોળ તાલુકા સંકલન સમિતિમાં નિમણૂક

મોસાલીઃ માંગરોળ તાલુકાની સંકલન સમિતિમાં રાજ્ય સરકારે માંગરોળ તાલુકાનાં ઈશ્વર જી. પરમાર (માંગરોળ), શૈલેન્દ્રસિંહ જે. આલુંજા (મોટીપારડી), અનીતા ઠાકોરો ચૌધરીની સદસ્યો તરીકે નિમણૂક કરી છે. આ સમિતિની બેઠક દર માસનાં પહેલા શનિવારે મામલતદાર કચેરી, માંગરોળમાં, નાયબ કલેકટર અને પ્રાંતઅધિકારીના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં તાલુકાની તમામ કચેરીઓના અધિકારીઓ અને સંકલન સમિતિના સદસ્યો ઉપસ્થિત રહેશે.

## અનાવલમાં કાવેરીના કિનારેથી અજાણી લાશ મળી

(ગુજરાતમિત્રના પ્રતિનિધિ તરફથી)

બારડોલી તા.૪ : મહુવા તાલુકાના અનાવલ ગામે પાંચકાકડા ફળિયા નજીક પસાર થતી કાવેરી નદીનાં કિનારેથી આશરે ૪૦ વર્ષની ઊંમરના એક અજાણ્યા ઈસમની લાશ મળી હતી. ગામના અગ્રણી ભીખુભાઈ છોટુભાઈ નાયકાએ મહુવા પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકના વાલીવારસની તપાસ શરૂ કરી છે.

# બૌધાન કાછિયા બોરીથી દારૂ સાથે બે આરોપી ઝડપાયા : મુદ્દામાલ જપ્ત

ગામતળાવ : માંડવીના બૌધાન - કાછીયાબોરીની સીમમાંથી બાતમીના આધારે માંડવી પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. આર. જી. દેસાઈએ વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે આરોપીઓને ઝડપી પાડયા હતા. તાલુકામાં બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર માંડવી પો.સ.ઈ. આર. જી. દેસાઈ તથા તેમના સ્ટાફના વિરમ રબારી, શકિતસિંહ ઝાલા, પાતળભાઈ માધવસિંહ અને અશોકભાઈ - નલીન ગોવિંદ સહિતના સ્ટાફના બૌધાન ગામે વોચ ગોઠવી રેડ કરતા સેન્ટ્રો કાર (જીજે ૫ સી.એ. ૩૮૯૪) માંથી તથા કેસરબેન માછીના ઘર પાસે વિદેશી દારૂ ઉતારતા બે આરોપી આબાદ ઝડપાઈ ગયા હતા. કાર તથા ઘર પાસેથી ડી.એસ.પી.ની બોટલ નં. ૬૦, ડર્બી સ્પે. નં. ૪૮ મોગલ નં. ૪૮ તથા પાર્ટી સ્પે. નં. ૧૯૨ ઉપરાંત સેન્ટ્રો કાર તથા મોબાઈલ સહિત રૂા. ૨,૦૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

તેમજ કાર લઈ ભાગવા ગયેલા આરોપી ભાવેશ જગદીશ બૌધાનવાલા તથા બકુલ બચુ વાયદેને આબાદ ઝડપી પાડયા હતા. જયારે કાછીયાબોરી ખાતે કરાયેલ રેડમાં મારૂતિ ઝેન (જીજે૨૧ ૪૪૧૧) માંથી રોયલની કુલ નં. ૫૧૬ બોટલ મળી આવી હતી. રૂા. ૪૮,૮૦૦ નો વિદેશી દારૂ તથા કાર સહિત રૂા. એક લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.





